## સુરતના ચોથા અધિક જિલ્લા અને સત્ર ન્યાયાધીશશ્રીની કોર્ટમાં.

<u>ફોજદારી પરચુરણ અરજી નં.૩૭૩૨/૨૦૨૬.</u>
આંક–......

અરજદાર/આરોપીઃ નુરજા ઈમરાન ખટીક
(નુરજહાં ઈમરાન ખાટીક એફ.આઈ.આર. મુજબ)
ઉં.આ. ૩૩ વર્ષ, ધંધોઃ ઘરકામ,
રહેવાસી–પોલીસ સ્ટેશન પાસે, પીપણનેર,
તા.સાકરી, જી.ધુળે (મહારાષ્ટ્ર)
હાલ –મધ્યસ્થ જિલ્લા જેલ, લાજપોર, સુરત.

**– વિરુદ્ધ –**

સામાવાળાઃ શ્રી સરકાર.

***<u>બાબતઃ</u> બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન મેળવવાની અરજી.***

હાજર રહ્યા–
અરજદાર/આરોપી તરફે વિ.વકીલ શ્રી એમ.એ.શેખ.
સામાવાળા તરફે વિ.એ.પી.પી.શ્રી ટી.એ.પંચોલી.

## – JUDGMENT –

૧. હાલના કામની અરજદાર/આરોપીની અરજીની ટૂંકમાં વિગત એવી છે કે, અરજદાર/આરોપીને લાલગેટ પોલીસ સ્ટેશન પાર્ટ–"એ" ગુના રજી. નં.૧૧૨૧૦૦૬૧૨૬૦૧૯૮/૨૦૨૬ થી બી.એન.એસ. ની કલમ–૧૦૮, ૧૧૫(૨), ૩૫૧(૨), ૮૦, ૮૫, ૫૪ તથા દહેજ પ્રતિબંધ અધિનિયમ કલમ–૩,૪ મુજબના ગુનાના કામે તા.૧૮–૦૫–૨૦૨૬ ના રોજ અટક કરી વિ. કોર્ટમાં રજૂ કરેલ છે અને હાલ તેઓ જયુડી. કસ્ટડીમાં છે. જે કામે બી.એન.એસ.એસ.ની કલમ–૪૮૩ અન્વયે જામીન ઉપર મુકત થવા હાલની અરજી દાખલ કરેલ છે.

૨. આ કામે સામાવાળાને નોટિસ કરતા સામાવાળા તરફે વિ.એ.પી.પી. શ્રી હાજર થયેલ છે અને સદર કામના તપાસ કરનાર અમલદારે આંક–૪ થી સોગંદનામું રજૂ કરેલ છે.

૩. અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ રજૂઆત કરતાં જણાવેલ છે કે, હાલના અરજદાર/આરોપી નિદોર્ષ છે અને તેઓ સીધે કે આડકતરી રીતે ગુનામાં સંડોવાયેલા નથી અને શંકાના આધારે તેઓની અટક કરવામાં આવેલ છે. તેઓની સામે કોઇ પ્રથમ દર્શનીય કેસ નથી. તેઓ કોઇ ગુનાહિત ઈતિહાસ ધરાવતા નથી.

વધુમાં, અરજદાર/આરોપીનાં વિ.વ.શ્રીએ એવી રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપીએ કયારેય પૈસાની માંગણી કરેલ નથી કે મરનાર સાથે ગાળાગાળી કરેલ નથી કે શારિરીક, માનસિક ત્રાસ આપેલ નથી કે ઢીકકમુકકીનો માર મારી આપઘાત કરવા કોઈ દુષપ્રેરણ કરેલ નથી કે ઉશ્કેરણી કરેલ નથી.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, ફરીયાદમાં માત્ર મોઘમ આક્ષેપો કરેલ છે કોઇ સ્પેશીફીક આક્ષેપો કરવામાં આવેલ નથી અને અરજદાર/આરોપીનાં કુટુંબના સભ્યો હોય તેટલા કારણસર આરોપી તરીકે જોડી દીધેલ છે.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, અરજદાર/ આરોપીએ નામદાર ગુજરાત હાઇકોર્ટમાં કવોશીંગ પીટીશન દાખલ કરેલ જે ગુણદોષમાં ઉતર્યા વિના વિથ ડ્રો કરેલ છે. તેમજ તેઓએ જામીન ઉપર મુકત થવા આગોતરા જામીન અરજી કરેલ જે નામંજુર કરવામાં આવેલ.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, અરજદાર/ આરોપી સ્ત્રી ઈસમ છે અને તેમના લગ્ન મહારાષ્ટ્ર મુકામે થયેલ છે અને તેમના ઉપર તેમના સાસુ, પતિ અને સગીર બાળકોની જવાબદારી છે અને બાળકો અભ્યાસ કરે છે, જો તેઓને જામીન ઉપર મુકત કરવામાં આવે ન આવે તો તેના કારણે તેમના બાળકોને અસર થાય તેમ છે. લગ્ન

બાદ અરજદાર/આરોપી મહારાષ્ટ્ર મુકામે રહેતા આવેલ છે. જેથી નાસી ભાગી જવાનો કોઇ પ્રશ્ન નથી.

તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી મહારાષ્ટ્ર (ધુળે) મુકામે રહે છે જયારે ફરીયાદપક્ષ નંદુરબાર–મહારાષ્ટ્ર મુકામે રહે છે તેમજ અન્ય સાહેદો સુરત મુકામે જેથી ફરીયાદપક્ષના પુરાવાને નુકસાન કરવાનો કોઇ પ્રશ્ન રહેતો નથી. તેમજ નામદાર કોર્ટે જે શરતો ફરમાવે તે તમામનું પાલન કરવા તેઓ તૈયાર છે તેમ જણાવી અરજદાર/આરોપીની જામીન અરજી મંજુર કરવા અરજ કરેલ છે.

અરજદાર/આરોપીએ આંક–૩ ના લીસ્ટથી ફરીયાદની નકલ, તેઓએ કરેલ કવોશીંગ પીટીશનના હુકમની નકલ, તેમના આધારકાર્ડની નકલ તથા તેમના પુત્ર અને પુત્રીના આધારકાર્ડ તથા અભ્યાસ અંગેના પુરાવાઓ રજુ કરેલ છે.

આરોપીએ તેમની દલીલ સાથે નિ.૧૦/૧ થી શ્રધ્ધા જેવલર્સનું બીલ રજુ કરેલ છે અને ફરીયાદીએ મરણજનારને આપેલ ભેટ સોગાદના રૂપિયા બેંકમાં ટ્રાન્સફર કરેલ તે નાણાંથી ઘરેણા ખરીદ કરેલ તે બીલની નકલ તા.૦૫/૦૩/૨૦૨૬ ના રોજની રજુ કરેલ છે.

૪. સરકારશ્રી તરફે વિ.પી.પી.શ્રીએ અરજદાર/આરોપીની જામીન અરજીનો વિરોધ કરતાં જણાવેલ છે કે, મરણજનારના લગ્ન જીવનનો સમયગાળો માત્ર બે વર્ષનો છે. અરજદાર/આરોપી તથા અન્ય આરોપીઓ ભેગા મળી ફરીયાદીની દિકરી પાસે લગ્ન થયા બાદથી પૈસાની માંગણી કરી, શારિરીક તેમજ માનસિક ત્રાસ આપી, ઢીકકમુકકીનો માર મારી મરણજનારને આપઘાત કરવાનું દુષપ્રેરણ કરી ગંભીર પ્રકારનો ગુનો કરેલ છે.

વધુમાં, તેઓએ એવી પણ રજુઆત કરેલ છે કે, અરજદાર/આરોપી જામીન મુકત થશે તો ફરીયાદપક્ષના પુરાવા સાથે છેડછાડ કરશે અને નાશી ભાગી જાય તેવી શકયતાઓ રહેલી છે તેમ જણાવી આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

૪.૧ મુળ ફરીયાદી તરફે આંક–૬ થી તેમની સોગંદ ઉપરની એફીડેવીટ રજુ કરી અરજદાર/આરોપીને જામીન ઉપર મુકત કરવા સામે વાંધો રજુ કરેલ છે. તેમજ એફીડેવીટમાં તેઓએ એવુ જણાવેલ છે કે, આરોપીઓનો ગુનો કરવાનો મુખ્ય હેતુ આત્મહત્યા માટેનું દુષપ્રેરણ માટેનું હતુ અને આરોપીઓ મરણજનારને ગાળાગાળી કરી, માર મારતા આવેલા છે. તેમજ તેઓએ આરોપી સામે પ્રથમદર્શનીય ગુનો હોવાનું અને તપાસ પુર્ણ થયેલ ન હોય અને ચાર્જશીટ કરવાની બાકી હોય તપાસમાં હરકત કરે તેમ હોય અરજદાર/આરોપીની જામીન અરજી નામંજુર કરવા અરજ કરેલ છે.

તેમજ તેઓએ નિ.૯/૧ થી બેંક ઓફ મહારાષ્ટ્રનું સ્ટેટમેન્ટ પૈસા ટ્રાન્સફર કરેલાનું રજુ કરેલ છે.

૫. અરજદાર/આરોપીની અરજી, બન્ને પક્ષો તરફે વિ.વ.શ્રીઓની રજૂઆતો તથા તપાસ કરનાર અમલદાર દ્ધારા રજૂ આંક–૦૪ વાળું સોગંદનામું ધ્યાને લીધુ. હાલના અરજદાર/આરોપી સામે લાલગેટ પોલીસ સ્ટેશન પાર્ટ–"એ" ગુના રજી. નં.૧૧૨૧૦૦૬૧૨૬૦૧૯૮/ ૨૦૨૬ થી બી.એન.એસ. ની કલમ–૧૦૮, ૧૧૫(૨), ૩૫૧(૨), ૮૦, ૮૫, ૫૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ–૩,૪ મુજબનો ગુનો નોંધાયેલ છે.

હાલના અરજદાર/આરોપીને તા.૧૮–૦૫–૨૦૨૬ ના રોજ અટક કરવામાં આવેલા છે. વધુમાં, હાલના અરજદાર/ આરોપી એક સ્ત્રી આરોપી છે અને તેઓ મહારાષ્ટ્રના પીપણનેર, તા.સાંકળી, જી.ધુળેમાં રહેતા હોવાની વિગત જણાવેલ છે. જે વિગત જોતાં હાલના આરોપી બનાવના સ્થળે રહેતા હોય તેવી પ્રથમદર્શનીય વિગતો જણાય આવતી નથી.

વધુમાં, ફરીયાદીની ફરીયાદ વિગત જોતાં તેમાં તેઓ પણ ગ્રામ : પ્રકાશા, તા.શહાદા, જી.નંદુરબાર(મહારાષ્ટ્ર) મુકામે રહેતા હોવાની વિગત જણાવેલ છે. તેમજ લગ્નબાદ તેમની દિકરી સાથે સુરત ખાતે

સાસરે આવેલ ત્યારે તેઓ શરૂઆતથી તેમની દિકરી સાદીયાને શારિરીક, માનસિક ત્રાસ આપતા હતા અને તેના પતિ ઘરખર્ચ માટે પૈસા આપતા ન હતા અને જમવાનું આપતા ન હતા અને તેમની દિકરીને ભુખી રાખતા હતા. જયારે ફરીયાદીએ એવુ જણાવેલ છે કે, તેમની દિકરીના લગ્ન તા.૨૯/૦૨/૨૦૨૪ ના રોજ થયેલા છે. જેથી બનાવ અને લગ્નની વચ્ચે કોઇ તકરારો થયેલ હોય તે અંગેની કોઇ ફરીયાદો થયેલ હોય તેની પ્રથમદર્શનીય વિગત જણાય આવતી નથી.

વધુમાં, હાલના તપાસ કર્તા અમલદારે રજુ કરેલ તેમના સોગંદનામામાંથી વધુ પોલીસ કસ્ટડીની જરૂરીયાત હોય તેવી કોઇ વિગત જણાવેલ નથી. તેમજ હાલના અરજદાર/આરોપી સામે અન્ય કોઇ ગુનો નોંધાયેલ નથી.

વધુમાં આ કામના આરોપી સ્ત્રી ઇસમ છે અને તેમના ઉપર બે બાળકોની તથા સાસુની જવાબદારી છે તે હકીકત ધ્યાને લેતાં પણ અરજદારના વિ.વ.શ્રીની તેવી રજુઆત ગ્રાહય રાખવા યોગ્ય જણાય આવે છે.

વધુમાં, આ કામના આરોપી સામે મહત્વની તપાસ પુર્ણ થઇ ગયેલાનું જણાય આવે છે અને હાલમાં આરોપી મહારાષ્ટ્રમાં રહેતા હોવાનું અને મહારાષ્ટ્રમાં મિલકત ધરાવતા હોવાનું અરજદારના વિ.વ.શ્રીએ તેમની અરજીમાં અને મૌખિક રજુઆતમાં પણ જણાવેલ છે. તેમજ આરોપી કુટુંબ કબીલવાળા હોવાનું અને નાસી ભાગી જાય તેવી શકયતાઓની દહેશતને સખ્ત શરતો સાથે નિવારી શકાય તેમ છે.

આમ, હાલના અરજદાર/આરોપીની જામીન અરજી તથા સલંગ્ન પેપર્સની પ્રથમ દર્શનીય વિગતો અને અરજદાર/ આરોપીના વિ. વ. શ્રીની દલીલ જોતા, નામદાર સર્વોચ્ચ તથા નામદાર વડી અદાલતના માર્ગદર્શક ચુકાદાઓમાં જામીન અંગેના પ્રસ્થાપિત કરવામાં આવેલા સિધ્ધાંત તેમજ, નામદાર સુપ્રિમ કોર્ટના માર્ગદર્શક

ચુકાદા *Sanjay Chandra vs. C.B.I. reported in (2012) 1 SCC 40* માં પ્રસ્થાપિત કરેલા સિદ્ધાંત ધ્યાને લેતાં અને અરજદાર/આરોપીના વિ.વ.શ્રીએ તેમની હાલની અરજીમાં જણાવેલા ભગીરથસિંહ જાડેજા વિરુદ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના માર્ગદર્શક ચુકાદામાં પ્રસ્થાપિત કરેલા સિદ્ધાંત ધ્યાને લેતાં તથા જામીન ઉપર મુકત કરતી વખતે અદાલતે કેસના ગુણદોષ ઉપર નહિ ઉતરીને માત્ર કેસની ગંભીરતા, આરોપીએ ગુનામાં ભજવેલો રોલ તથા સજા અંગેની જોગવાઈ ધ્યાને લેવી જોઇએ. તેમજ પ્રર્વતમાન સંજોગો ધ્યાને લેતાં સદર કેસની કાર્યવાહી ચાલીને પૂર્ણ થવામાં સમય જાય તેમ છે અને ત્યાં સુધીમાં અરજદાર/આરોપીને જયુડિશિયલ કસ્ટડી માં રાખી મૂકવાનું આ કામે હાલ ઉચિત જણાય આવતું નથી. આથી, ઉપરોકત તમામ બાબતોને ધ્યાને લેતાં અરજદાર/ આરોપીને બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ હેઠળ રેગ્યુલર જામીન ઉપર મુકત કરવા યોગ્ય, વ્યાજબી અને ન્યાયી જણાય આવતું હોય નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**- હુકમ -**

આથી, આ ફોજદારી પરચુરણ અરજી નં.૩૭૩૨/૨૦૨૬ **મંજૂર** કરવામાં આવે છે.

લાલગેટ પોલીસ સ્ટેશન પાર્ટ-"એ" ગુના રજી. નં.૧૧૨૧૦૦૬૧૨૬૦૧૯૮/૨૦૨૬ થી બી.એન.એસ. ની કલમ-૧૦૮, ૧૧૫(૨), ૩૫૧(૨), ૮૦, ૮૫, ૫૪ તથા દહેજ પ્રતિબંધક ધારાની કલમ-૩,૪ મુજબના ગુનાના કામે હાલના અરજદાર/ આરોપીનાઓએ **રૂા.૨૫,૦૦૦/- (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા)** ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા સંબંધિત કોર્ટમાં સંતોષકારક જણાય તે રીતે રજૂ કર્યેથી નીચેની શરતોને આધિન રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે છે.

**<u>શરતો–</u>**

૧. અરજદાર/આરોપીએ આજ કે આવા કોઈપણ પ્રકારના ગુન્હામાં પોતાની જાતની સંડોવણી થાય તેવું કૃત્ય કરાવવું નહીં.

૨. અરજદાર/આરોપીએ સંબંધિત વિ. ટ્રાયલ કોર્ટની પૂર્વ પરવાનગી વગર ભારત દેશની હદ છોડવી નહીં.

૩. અરજદાર/આરોપીએ ફરિયાદ પક્ષના સાહેદોને લોભ, લાલચ, પ્રલોભન, ધાક–ધમકી આપી ફોડવાના પ્રયત્નો કરવા નહીં કે કેસને નુકસાન થાય તેવી પ્રવૃત્તિ કરવી નહીં.

૪. અરજદાર/આરોપી પોતે જયાં રહેતાં હોય તે રહેણાંકનું હંગામી તથા કાયમી વિગતવારનું સરનામું ત. ક. અમલદાર શ્રી તથા સંબંધિત વિ. ટ્રાયલ કોર્ટમાં આધાર પુરાવા સહિત રજૂ કરવું.

૫. અરજદાર/આરોપી માટે જામીન થનાર વ્યક્તિ બીજા કોઇ કેસમાં કોઇના પણ જામીન થયેલા હોવા જોઇએ નહિ.

૬. અરજદાર/આરોપીએ તપાસમાં સાથ સહકાર આપવો તથા તપાસ કરનાર અમલદાર જયારે અને જયાં તપાસ માટે બોલાવે ત્યારે હાજર રહેવું.

ઉપરોક્ત શરતો પૈકી કોઇ પણ શરતનો ભંગ થયેથી આરોપીના જામીન આપો આપ રદ્ થયેલા ગણાશે.

ઉપરોકત હુકમની જાણ કરતી યાદી સંબંધિત વિ. કોર્ટ, સંબંધિત પોલીસ સ્ટેશન તથા જીલ્લા જેલ લાજપોર, સુરતને હુકમની અમલવારી માટે મોકલવી.

હુકમ આજ તારીખઃ **૦૨જી**, માહે– **જુન,** સને **૨૦૨૬** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Place: Surat.

(Jayeshkumar Laxmanbhai Shrimali)
4th Addl. Sessions Judge, Surat.
(UID No.GJ00672)